કૃષિ વૈજ્ઞાનિકો અને કૃષિકારોની જોડતી કડી એટલે...

# ગીર કૃષિ મુખપત્ર

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-જુનાગઢ

અંબુજા ફાઉન્ડેશન, અંબુજાનગર, કોડીનાર

Ambuja FOUNDATION

ખેડુતો સુધી પહોંચવા માટે ઝંખતુ છ માસિક મુખપત્ર

વર્ષ : ૫ | અંક : ૧૦ | જુલાઈ-ડીસેમ્બર : ૨૦૨૫



**અધ્યક્ષ કેવીકે :-**

શ્રી ચંદ્રકાંત કુંભાણી

**પથદર્શક :- ડાયરેક્ટરશ્રી**

ડૉ. સુબ્રતાકુમાર રોય-અટારી પુને

**મુખ્ય સંપાદક :-**

શ્રી જીતેન્દ્રસિંહ
વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા

શ્રી દલસુખ વઘાસીયા
જનરલ મેનેજર
અંબુજા ફાઉન્ડેશન

**સંપાદક :-**

શ્રીમતી પુજાબેન હેરમા-કૃષિ વિસ્તરણ
શ્રી રમેશભાઈ રાઠોડ-પાક સંરક્ષણ

**સહ સંપાદકો :-**

ડૉ. હંસાબેન ગામી - ગૃહ વિજ્ઞાન
શ્રી રણજીતસિંહ બારડ - બાગાયત
શ્રી સતીષ હડીયલ - જમીન વિજ્ઞાન
શ્રી મનીષ બલદાણીયા - પાક વિજ્ઞાન
શ્રી રાજેન્દ્રસિંહ પરમાર - મસ્ત્યપાલન
શ્રી અજય ઘાનાણી-કોમ્પ્યુટર પ્રોગ્રામર

**લખુ લેખનકાર :-**

શ્રી બાલુભાઈ વાળા

**પ્રકાશક :-**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ



**Website:-**
http//www.girsomnath.kvk8.in
**Facebook :-**
kvkgirsomnatherstwhilejunagadh
**Facebook Page:-**
Agri Info
**E-Mail:-**
kvk.girsomnath@gmail.com
**Twiter:-**
@kvkgirsomnath
**Youtube channel:-**
KVK-JUNAGADH


**મુખપત્ર કોપી વિતરણ વિના મુલ્યે**

## જાન્યુઆરી-જુન : ૨૦૨૫ દરમીયાન કરવામાં આવેલ કામગીરીની ઝાંખી

### ગીર સોમનાથ જીલ્લામાં કેવીકે દ્વારા કિશાન સન્માન સમારોહનું આયોજન



પ્રધાનમંત્રી કિશાન સન્માનનિધી યોજનાનો ૧૯મો હપ્તો તા.૨૪-૨-૨૦૨૫ના રોજ બિહારના ભાગલપુર ખાતે આયોજીત કાર્યક્રમમાં માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા રજુ કરવામાં આવ્યો હતો. જેના જીવંત પ્રસારણનું આયોજન કેવિકે કોડીનાર ખાતે જીલ્લા ખેતિવાડી વિભાગ, ગીર સોમનાથનાં સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યુ હતું. જેમા મંજુલાબેન મુછાળ, પ્રમુખશ્રી જી.પં. ગીર સોમનાથ, રાજવીરસિંહ ઝાલા, ઉપપ્રમુખશ્રી જી.પં. ગીર સોમનાથ, ડાયાભાઈ જાલોંધરા ચેરમેનશ્રી, કારોબારી સમિતિ, જી.પં. ગીર સોમનાથ તેમજ જીલ્લા અને કોડીનાર તાલુકા પંચાયતના અન્ય સમિતિના ચેરમેન-સભ્યો, સ્કોર્ડન લીડર શ્રી સંજય વશિષ્ઠ, અંબુજા સીમેન્ટ, અંબુજાનગર, ઉમાશંકર ચૌધરી, અંબુજા સીમેન્ટ, અંબુજાનગર, શ્રી દલસુખભાઈ વઘાસીયા, જનરલ મેનેજર અંબુજા ફાઉન્ડેશન, શ્રી જીતેન્દ્રસિંહ વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા કેવિકે ઉપસ્થિત રહયા હતા.

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ગોપી પ્રાકૃતિક ફાર્મની મુલાકાત.







ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકાના ભેટાળી ગામના શ્રી અનિલભાઈ સોલંકીના ગોપી ફાર્મની મુલાકાત કેવિકેના વિષય નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી હતી. આ મુલાકાત દરમ્યાન અનિલભાઈના પ્રાકૃતિક ખેતિ અને FPO દ્વારા તેના વેચાણ અંગેના પ્રતિભાવો મેળવવામાં આવ્યા હતા, તેમજ ગૌમુત્ર અને ગોબરમાંથી બનાવવામાં આવતી વિવિધ પ્રોડકટસ વિષેની માહિતી મેળવી હતી

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ગૌ-યોગ કેન્દ્રની મુલાકાત


સોરઠ ભાસ્કર 27-03-2025

ગામડામાં ગાય આધારિત ખેતીથી રોજગાર ઊભો થઈ શકે : ખેડૂ

ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકાના બાદલપરા ગામના પ્રગતિશીલ ખેડુત દ્વારા કાર્યરત ગૌ-યોગ કેન્દ્રની મુલાકાત કેવિકેના વિષય નિષ્ણાંત દ્વારા કરવામાં આવતી પ્રાકૃતિક ખેતિ, ઘન જીવામૃતના ખાતરના વેચાણ અને સર્વિસ વિશે માહિતી મેળવી હતી.

## કોડીદ્રા ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી



કોડીદ્રા ગામે કેવિકે, અંબુજા ફાઉન્ડેશન અને અંબુજા સિમેન્ટ, અંબુજાનગરના સંયુકત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવેલ, જેમાં કોડીદ્રા, રામપરા, ભેટાળી, કુકરાશ ટોબરા, પંડવા, આણંદપરા, ગુણવંતપુર એમ નવ ગામના કુલ ૮૫૦ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી સોરઠ મહિલા વિકાસ સહકારી મંડળીના કાર્યકર્તા બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ૧૭મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક



કેવિકે કોડીનાર ખાતે તા. ૫ માર્ચ, ૨૦૨૫ના રોજ સમિતિનાં ચેરમેનશ્રી ચંદ્રકાંત કુંભાણીના અધ્યક્ષ સ્થાને વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ, આ મીટીંગમાં કેવિકે દ્વારા ગત વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન થયેલ કામગીરીનો અહેવાલ કેવિકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક શ્રી જીતેન્દ્રસિંહ અને તમામ ટીમે રજુ કર્યો હતો તેમજ આગામી વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં થનાર કામગીરીનો અહેવાલ કેવિકેના વિષય નિષ્ણાંતોએ રજુ કર્યો હતો. કેવિકે દ્વારા ખેડુતલક્ષી હિત કઈ રીતે થઈ શકે તે અંગે ઉપસ્થિત સમિતિના સભ્યો પાસેથી માર્ગદશન અને સોનેરી સુચનો મેળવ્યા હતા. આ ઉપરાંત ઉપસ્થિત સૌએ કેવકે ટીમ દ્વારા થતી કામગીરીને બીરદાવી હતી.

## પ્રશ્નાવડા ગામના પ્રગતિશીલ ખેડુત દ્વારા મશરૂમની ખેતિ



કેવિકે દ્વારા ખેડુતના ખેતરે મશરૂમની ખેતિના અખતરા આપવામાં આવેલ, જે અંતર્ગત સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ગામના પ્રગતિશીલ ખેડુત શ્રી ભાવસિંહભાઈ જાદવના ખેતરની મુલાકાત કેવિકેના વિષય નિષ્ણાંતો દ્વારા કરવામાં આવેલ તેમજ જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડેલ.

## કોડીદ્રામાં ખેડુતોને પ્રાકૃતિક ખેતિ વિષય પર તાલીમ

કેવિકે કોડીનાર અને અંબુજા ફાઉન્ડેશન દ્વારા પ્રગતિશીલ ખેડુતો માટે તાલીમનું આયોજન કરાયુ હતુ. જેમા ઉનાળુ પાકોની ખેતિપદ્ધતિ, પાણીનો કાર્યક્ષમ ઉપયોગ,FPOની કામગીરી અને પ્રાકૃતિક ખેતિ વિષે માહિતી આપવામાં આવેલ.

## કેવિકે દ્વારા ગોપી વર્મીકમ્પોષ્ટ ફાર્મની મુલાકાત કરાઈ



જુનાગઢ જીલ્લાનાં માળીયા તાલુકાનાં અમરાપુર ગામના પ્રગતિશીલ ખેડુત શ્રી કૈલાશભાઈ ધોકીયાનાં આ ફાર્મની મુલાકાત કેવિકેના વિષય નિષ્ણાંતો દ્વારા કરવામાં આવેલ, અને પ્રાકૃતિક ખેતિ, વર્મીકમ્પોષ્ટ યુનિટ, એઝોલા યુનિટ અને જમીનમાં રહેલ સેન્દ્રિય કાર્બન વિષે ખેડુતને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ.

## લોકવાણી ૯૦.૪ એફએમ રેડીયો દ્વારા પ્રસારણ


કૃષિવિજ્ઞાન કેંદ્ર દ્વારા વિશ્વ રેડીઓ દિવસ ની ઉજવણી કરવામા આવી

સુત્રાપાડા તાલુકા ના સોળાજ ગામે વિશ્વ રેડિઓ દિવસ ની ઉજવણી કરવામા આવી. જેમા 37 બહેનો એ ઉત્સાહભેર ભાગ લિધો. જેમા ખાસ કરીને રેડિઓ નુ આજના સમય મા મહત્વ અને રેડિઓ પ્રસારણ નો સમય અને અઠવાડિયા નુ સમય પત્રક વિશે વાત કરવામા આવી. લોકવાણી રેડિઓ ના રેડિઓ ઇન્ચાર્જ ડો.હંસાબેન ગામી દ્વારા બહેનો માટે પસારણ થતા કાર્યક્રમો ની વિગતે માહિતી આપવામા આવી, રેડિઓ વોલન ટીયર શ્રી કનકસિંહ સોલંકી દ્વારા રેડિઓ ના અલગ અલગ વિષયો ના કાર્યક્રમોના વિશે વિગતે વાત કરવામા આવી. તથા શ્રી પ્રદિપ સિંહ પરમાર દ્વારા રેડિઓ મા 90.4 ચેનલ ચાલુ કઈ રિતે કરવી તેના વિશે શિખવાડવામા આવ્યુ

તારીખ : ૧૩-૦૨-૨૦૨૫ના રોજ સોળાજ ગામે વિશ્વ રેડીયો દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ૩૩ જેટલી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો અને ૯૦.૪ એફએમ રેડીયો પોતપોતાના મોબાઈલમાં ચાલુ કરીને ખેતિવાડીનો કાર્યક્રમ સાંભળ્યો. જાન્યુઆરી થી જુન, ૨૦૨૫ સુધીમાં ગીર સોમનાથ જીલ્લાની સ્કૂલોમાંથી ૩૨૫ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ રેડીયો સ્ટેશનની મૂલાકાત કરી હતી. આ સમયગાળા દરમિયાન જુદા-જુદા ગામના ૨૨૭ ખેડુતો-ખેતમહિલાઓએ લોકવાણી રેડીયો સ્ટેશનની મુલાકાત લીધી.

## ગીર સોમનાથ જીલ્લામાં વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન



કેન્દ્રિય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણના નેતૃત્વમાં પ્રી-ખરીફ કેમ્પેઈન અંતર્ગત વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનું આયોજન ગીર સોમનાથ જીલ્લામાં તા. ૨૯ મે, ૨૦૨૫ થી ૧૨ જુન, ૨૦૨૫ એમ કુલ પંદર દિવસ માટે કરવામાં આવેલ હતું. જે દરમિયાન જીલ્લાના ૬ તાલુકાના ૯૦ ગામોમાંથી દરરોજ ૬ ગામોમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાઓ, કેવિકેના વિષય નિષ્ણાંતો, કૃષિ યુનિવર્સીટી તથા આઈસીએઆરનાં વૈજ્ઞાનિકશ્રીઓ, ખેતિવાડી, બાગાયત, આત્મા પ્રોજેક્ટ, એફપીઓ અને ઈફકો કંપનીના પ્રતિનિધિઓ દ્વારા આગામી સોમાસુ ઋતુ માટે ખેતિ અને પશુપાલન વિષયક તેમજ સરકારની વિવિધ યોજનાઓ, પ્રાકૃતિક ખેતિ અને ડ્રોન ટેકનોલોજી વિષે પ્રત્યક્ષ માર્ગદર્શન પૂરૂ પાડેલ. આ અભિયાનમાં ૧૩,૦૦૦થી વધારે ખેડુતો/ખેતમહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## ગીર સોમનાથ જીલ્લાના કૃષિ સખી/ CRP માટે તાલીમનું આયોજન

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના આર્થિક સહયોગ થકી ગીર સોમનાથ જીલ્લાના ૪૪ કૃષિ સખી/ CRP ને પ્રાકૃતિક ખેતિ વિષય પર પાંચ દિવસીય તાલીમ આપવામાં આવી હતી, તેમજ પ્રાકૃતિક ખેતિના તમામ આયામો ઉપર પ્રેકટીકલ જ્ઞાન પીરસવામાં આવ્યુ હતુ. તેમજ મોડેલ ફાર્મની મુલાકાત કરાવવામાં આવી હતી.

## કેવીકે દ્વારા થતી અન્ય મહત્વપૂર્ણ ગતિવિધીઓ

| | ગતિવિધી | સંખ્યા | લાભાર્થી |
|---|---|---|---|
| ◆ | **પ્રથમ હરોળ નિદર્શન** | | |
| ૦૧ | તેલીબીયાના નિદર્શનો | ૧૧૫ | ૨૮૭ |
| ૦૨ | કઠોળના નિદર્શનો | ૦૭૫ | ૧૮૭ |
| ૦૩ | અન્ય પાકના નિદર્શનો | ૮ | ૨૦ |
| ૦૪ | અન્ય નિદર્શનો | ૨૨ | ૦૨૨ |
| ૦૫ | ખેડુતના ખેતર પર અખતરા | ૩ | ૧૫ |
| ૦૬ | ઓન કેમ્પસ તાલીમ | ૨૨ | ૬૯૪ |
| ૦૭ | ઓફ કેમ્પસ તાલીમ | ૨૧ | ૬૬૩ |
| ૦૮ | સ્પોન્સર તાલીમ | ૪ | ૧૮૨ |
| ૦૯ | વિસ્તરણ અધિકારીઓની તાલીમ | ૩ | ૯૬ |
| ૧૦ | વ્યવસાયલક્ષી તાલીમ | ૪ | ૧૮૨ |
| | **અન્ય વિસ્તરણ પ્રવૃતિઓ** | | |
| ૧૧ | વૈજ્ઞાનિકો દ્વારા ખેડુતના ખેતરની મૂલાકાત | ૨૨ | ૮૨ |
| ૧૨ | ખેડુતો દ્વારા કેવીકેની મુલાકાત | ૧૩૦ | ૫૫૦ |

| | ગતિવિધી | સંખ્યા | લાભાર્થી |
|---|---|---|---|
| ૧૩ | કિશાન ગોષ્ઠી | ૩ | ૧૮૬ |
| ૧૪ | અન્ય કાર્યક્રમોમા વ્યાખ્યાન | ૪ | ૯૩૦ |
| ૧૫ | જમીનના નમૂનાની ચકાસણી/સોઈલ હેલ્થકાર્ડ | ૧૧૨૧ | ૧૧૨૧ |
| ૧૬ | પાણીના નમૂનાની ચકાસણી | ૩૯૬ | ૩૯૬ |
| ૧૭ | ટેલીફોન દ્વારા માર્ગદર્શન | ૩૧૯ | ૩૧૯ |
| ૧૮ | ક્ષેત્રદિવસ | ૧૩ | ૪૦૬ |
| ૧૯ | સમાચારપત્રમાં જાહેરાત | ૨૪ | - |
| ૨૦ | અગત્યના દિવસોની ઉજવણી | ૫ | ૧૧૩૦ |
| ૨૧ | રેડીયો ટોક/ટીવી ટોક | ૨ | - |
| ૨૨ | લોકવાણી રેડીયો દ્વારા પ્રસારીત કાર્યક્રમો | ૭૨૦ | - |
| ૨૩ | મોબાઈલ સંદેશા | ૭૦ | ૯૭૯૬ |
| ૨૪ | બાગાયતી રોપાઓનું વેચાણ | ૩૧૬૦ | ૬૧ |

## જુલાઈ માસના ખેતી કાર્યો

- કપાસમાં રોગ જીવાતના નિયંત્રણ માટે સંકલિત રોગ જીવાતની જુદી જુદી પધ્ધતિઓ અપનાવવી જેવી કે ખેતિ પદ્ધતિઓ,ભૌતિક પદ્ધતિઓ, જૈવિક અને રાસાયણિક નિયંત્રણની પદ્ધતિઓ. વધારાના કપાસના છોડને ધીમેથી ખેંચી કાઢવા તથા જે જગ્યાએ ખાલા પડેલ હોય તે ખાલા પુરવા તથા વાવેતર બાદ ૧ માસના અંતરે ભલામણ મુજબ નાઈટ્રોજનયુકત ખાતર આપવું.
- ટપક પદ્ધતિ અપનાવી ઓછા પાણીએ વધુ વાવેતર, નિંદણ નિયંત્રણ, રોગ-જીવાત નિયંત્રણ તેમજ ગુણવત્તાયુક્ત વધુ ઉત્પાદન મેળવી શકાય.
- મગફળીમાં ચુસિયા પ્રકારની જીવાતો માટે ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસ.એલ. ૪ મીલી./૧૦ લી. અથવા ફીપ્રોનીલ ૫ એસસી ૧૦ મીલી./૧૦લી. પાણીમા નાખી જીવાતનો ઉપદ્રવ વધે ત્યારે જરૂર પડે તો ૧૫ દિવસ પછી છંટકાવ કરવો.
- મગફળીમાં વાનસ્પતિક વૃદ્ધિ અટકાવવા માટે કલોરીમેક કલોરાઈડ ૩૦ દિવસે ૨ મીલી./૧ લી. પાણી અથવા ૬૦ દિવસે ૨૫ મીલી./ ૧૦ લી. પાણીમાં નાખી બીજો છંટકાવ કરવો.
- મગફળીના પાકમાં થડનો કોહવારો અથવા ડોડવાનો સડો એટલે કે સફેદ ફુગના નિયંત્રણ માટે ૧ એકર દીઠ ૨ કી.ગ્રા. ટ્રાયકોડર્મા હારજીનીયમ અથવા ટ્રાયકોડર્મા વીરીડીને ૩૦૦ કિ.ગ્રા. એરંડીના ખોળમાં મીક્ષ કરી જમીનમાં ભેજ હોય ત્યારે આપવું.
- મગફળીના છોડ લોહતત્વની ઉણપના લીધે પીળા પડી જતા હોય તો ૧૦લી. પાણીમાં ૧૦૦ ગ્રામ ફેરસ સલ્ફેટ (હીરાકસી) અને ૧૦ ગ્રામ લીંબુના ફુલ નાખી દ્રાવણનો છંટકાવ કરવો.
- મગફળીના પાકમાં લીલી અને લશ્કરી ઈયળના નર ફુદાને પકડવા અને તેની મોજણી કરવા માટે ૧ હેકટર દીઠ ૫ ફેરોમેન ટ્રેપ ગોઠવવા.
- કપાસના ગુલાબી ઈયળનાં સંકલિત નિયંત્રણ માટે ૧ હેકટર દીઠ ૫ ફેરોમેન ટ્રેપ ગોઠવવા.
- કેળ સાથે હળદર તેમજ શાકભાજી આંતરપાક તરીકે લઈ શકાય.
- નાળીયેરીના પાકમાં લીલો પડવાશનો ઉપયોગ કરવો.
- ઘર આંગણે પ્રાકૃતિક શાકભાજીનો બગીચો બનાવવા માટે ચોમાસા ઋતુમાં મરચી, ટમેટી, રીંગણી, ડુંગળીનુ ધરૂ ઉછેર કરી વાવેતર કરી શકાય છે. દુધી, કાકડી, કારેલા, વાલોળ, પાપડી, ગલકા, તુરીયા, કોળુ, જેવા વેલાવાળા શાકભાજી તથા ભીંડા, ચોળી, ગુવાર, પાલકના બીજથી વાવેતર કરી શકાય અને પરવળ તથા ટીંડોરા ટુકડાથી વાવેતર કરી શકાય છે.
- ભાંભરા પાણીમાં ઝીંગા ઉછેર કરતા ખેડુતો તળાવના પાણીમાં કુચકી (ગોળ, ચોખા અને ચીસ્ટનું પાણીમાં મીશ્રણ) દર અઠવાડીયે એકવાર નાંખવાથી પાણીમાં સુક્ષ્મ જીવોનું પ્રમાણ સારૂ રહે છે. જેનાથી ઝીંગાનો વૃદ્ધિનો દર સારો રહે છે.

## ઓગષ્ટ માસના ખેતી કાર્યો

- કપાસમાં લાલ પાન થતા હોય તો ૧% મેગ્નેશિયમ સલ્ફેટ દ્રાવણ ૯૦ દિવસનો થાય ત્યારે અને બીજો ૧૫ દિવસે છંટકાવ કરવો.
- ચોમાસુ મગફળીમાં વારંવાર આંતરખેડ ન કરવી, જરૂરીયાત મુજબ ખેડ કરવી.

* મગફળીનાં પાનમા ટપકા તથા ગેરૂ રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૭૫% વે. પા. ૨૫ ગ્રામ / ૧૦લી પાણીમાં અથવા હેક્ઝાકોનાઝોલ ૫% એસસી ૫ મીલી./૧૦ લી. પાણીમાં નાખી ૧૫ દિવસના અંતરે જરૂરીયાત મુજબ બે છંટકાવ કરવા.
* કપાસમાં પાળા ચડાવતી વખતે મેગ્નેશિયમ સલ્ફેટ ખાતર ૨૫ કીગ્રા. પ્રતિ હેક્ટર નાખવું.
* આંબાના પાકમાં વરાપ થયે ડાળીના ભાગમાં ફુગનાશકનો છંટકાવ કરવો. જેથી ડાળીનો રોગ અને ડાયબેકથી બચાવી શકાય.
* તુવેરના બિયારણનો દર ૧૨ થી ૧૫ કીગ્રા./હે. રાખવો. બીજને કાર્બેન્ડાઝીમ ૫૦% વે.પા. ૩ ગ્રામ/કીલો દીઠ માવજત આપવી, તુવેરનું વાવેતર બે હાર વચ્ચે ૯૦ થી ૧૨૦ સેમી. જેટલુ અંતર રાખવું.
* તુવેરના પાકમાં લીલી ઈયળની શરૂઆતની અવસ્થાએ એચ.એન.પી.વી. ૨૫ મીલી./પંપમાં નાખી સાંજના સમયે છંટકાવ કરવો.
* નાળીયેરના પાન ખરી પડતા અટકાવવા, પાન કથીરી જીવાતનું નિયંત્રણ કરવું પડે, તે માટે લીમડા આધારીત દવાનું શોષણ પદ્ધતિ દ્વારા બે માસ ના અંતરે બે કે ત્રણવાર આપવું.
* કીચનગાર્ડનમાં આવતી જીવાત માટે લીમડાના તાજા પાન ૧૦% અને લીંબોળીના મીંજનો ભુકો ૫% જીવાતની વસ્તી ઘટાડવામાં અસરકારક માલુમ પડેલ છે.
* ભાંભરા પાણીના ઝીંગામાં કાળીચુઈનો રોગ આવ્યો હોય તો તળાવનું પાણી બદલવું અને સુક્ષ્મજીવો (બ્લુમ)નું પ્રમાણ જાળવી રાખવું. બેકટેરીયલ ઈન્ફેક્શન માટે બી.કે.સી. ૨ લી./એકર અથવા આયોડીન ૧લી./એકરમાં નાખવું. જો વધારે પ્રમાણમાં કાળીચુઈની તકલીફ હોય તો હાઈડ્રોજન પેરોકસાઈડ ૨૦ લી/ એકર અને બી.કે.સી. ૨ લી./એકરમાં નાખવું.

## સપ્ટેમ્બર માસના ખેતી કાર્યો

* કપાસમાં ચુસીયા પ્રકારની જીવાતના નિયંત્રણ માટે બીવેરીયા બાસિયાના ૬૦ ગ્રામ/૧૦ લી. પાણીમાં નાખી છંટકાવ કરવો અને ૧૫ દિવસના અંતરે ૩ છંટકાવ કરવા. ચોમાસુ મગફળીમાં પાન ખાનાર ઈયળના નિયંત્રણ માટે ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીની મીંજનો ભુકકો ૫૦૦ ગ્રામ (૫%) અથવા લીમડા આધારીત તૈયાર દવા ૨૦ મીલી. (૧ ઈ.સી.) થી ૪૦ મીલી. (૦.૧૫ ઈ.સી.) અથવા બીવેરીયા બાસિયાના નામની ફુગનો પાવડર ૬૦ ગ્રામ/૧૦ લી. પાણીમાં મેળવી છંટકાવ કરવો.
* મગફળીના પાકમાં ડોડવાના સારા ભરાવા માટે કેલ્શિયમ નાઈટ્રેટ ૮૦ ગ્રામ અથવા ૦૦-૦૦-૫૦ ૧૦૦ ગ્રામ પ્રતિ પંપમાં નાખી છંટકાવ કરવો.
* લીંબુમાં ગુંદરીયાના નિયંત્રણ માટે બોર્ડો પેસ્ટ લગાવવી અને કોપર ઓકસીકલોરાઈડ ૫૦% વે.પા. ૧ પંપમાં ૬૦ ગ્રામ નાખી અસરગ્રસ્ત ઝાડમાં છંટકાવ કરવો.
* દેશી નાળીયેરીમાં ઝાડ દીઠ ૬૦ કીલોગ્રામ છાણીયુ ખાતર આપવું.
* આંબામા મધીયાના નિયંત્રણ માટે ઈમાડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ ૪ મીલી. અથવા સાયપરમેથ્રીન ૧૦% ઈ.સી. ૪ મીલી./૧૦ લી. પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.
* શેરડીમાં ભીંગડાવાળી જીવાતના નિયંત્રણ માટે કાર્બોફ્યુરાન ૩% દાણાદાર દવા હે. ૨૦ કીગ્રા. મુજબ જમીનમાં આપવું.
* ભાંભરા પાણીના ઝીંગા ભુરા રંગની ચૂઈ(ગીલ)નો રોગ આવ્યો હોય તો તળાવનું પાણી બદલવું. ઓકસીજન વધારવું અને બેક્ટેરીયલ ઈન્ફેકશન હોય તો બી.કે.સી. ૨ લી./એકર, માટી - પાણીનું પ્રોબાયોટીક ૧ કી.ગ્રા. એકર નાખવું.

## ઓકટોબર માસના ખેતી કાર્યો

* કપાસમાં વરસાદ બંધ થયા પછી ૧૫ દિવસ પછીથી જરૂરીયાત મુજબ પાણી આપવું.
* કપાસ તૈયાર થયે વહેલી સવારે વીણી કરી ભેજ ઉડી જાય ત્યારે સુકી જગ્યામાં સંગ્રહ કરવો.
* કપાસની સપ્રમાણ વુદ્ધિ માટે ૭૫ થી ૧૦૦ દિવસે કપાસના છોડની ટોચ કાપવાની ભલામણ છે.
* મગફળીનો પાક પાકવાની અવસ્થાએ પીળો પડવા લાગે અને ત્યારે તેનો છોડ ઉપાડી મગફળીના ડોડવા હાથથી ફોલતા આછા ગુલાબી રંગના જણાય ત્યારે સમયસર પાકમાં કરબ ચલાવી મગફળીના છોડ હાથથી ઉપાડી માટી ખંખેરી પાથરા કરવા.
* મગફળીના પાકની કાપણી પછી ૪ થી ૫ દિવસ સુર્યપ્રકાશમાં સુકવી તેમાં ભેજનું પ્રમાણ ૭% રહે ત્યારે ડોડવા થ્રેસરથી જુદા પાડવા, પછી જીવાત રહિત કોથળીમાં ભરી, ભેજ વગરના પાકા કોઠારમાં વૈજ્ઞાનિક ઢબે સંગ્રહ કરવો.
* તુવેરના પાકમાં ફુલ અવસ્થા અને સીંગોમાં દાણા ભરાવવાની અવસ્થાએ ભેજની ખેંચ જણાય અને પિયતની સગવડતા હોય તો પિયત આપવું.
* ભાંભરા પાણીના ઝીંગાના તળાવમાં વધુ પ્રમાણમાં પાણી લીલુ (વધુ બ્લુમ) થઈ ગયુ હોય તો ઓકસીજનનું પ્રમાણ તળાવના પાણીમાં વધારવું, ખોરાક ઘટાડવો, તળાવની સપાટી પરનું પાણી સવારે ૧૦ વાગ્યા પછી દુર કરવું.

## નવેમ્બર માસના ખેતી કાર્યો

* કપાસ વીણતી વખતે કસ્તર ન આવે તેનુ ધ્યાન રાખવું, તડકામાં સુકવીને પછી જ સંગ્રહ કરવો.
* ઘઉમાં વહેલી પાકતી જાત માટે (૧૦ નવેમ્બર પહેલા) જીજેડબલ્યુ-૪૬૩ કે જી ડબલ્યુ-૪૯૯નું વાવેતર કરવું.
* જીરૂના વાવેતર માટે ગુ-જીરૂ-૨ અને ૪ જાતો પૈકી એક જાતનું નવેમ્બરના પ્રથમ અઠવાડીયામાં વાવણી કરવી.
* ચણાનું વાવેતર કરતા પહેલા ફુગનાશક દવાનો પટ આપી વાવેતર કરવું.
* નિંદામણના નિયંત્રણ માટે પ્રી ઈમરજન્સ દવા પેન્ડામીથાલીન ૩૦% ઈસી ૭૫ મીલી. પંપમાં નાખી વાવેતર બાદ તરત છંટકાવ કરવો.
* મેથીમાં હોઈપોગ્લાઈમીક પ્રોપર્ટી હોવાના લીધે શરીરમાં ગ્લુકોજની માત્રા નીયંત્રીત કરી બ્લડ સુગર લેવલ ઘટાડવામાં મદદ કરે છે.
* નાળીયેરીના પાનને શિયાળાની શરૂઆતમાં જ ડીટર્જન્ટ પાવડર + નીમઓઈલ અથવા તો માત્ર પાણીથી રેગ્યુલર ધોવામાં આવે તો સફેદ માખીથી બચાવી શકાય.

## ડીસેમ્બર માસના ખેતી કાર્યો

* ઘઉમાં પૂર્તિ ખાતર વાવણી બાદ ૨૦ થી ૨૫ અને ૩૫ થી ૪૦ દિવસે ૧૩૦ કીગ્રા. અને ૬૫ કીગ્રા./હે. યુરીયા આપવું.
* ઘઉમાં ફુટ અવસ્થાએ (વાવણી બાદ ૩૦ થી ૪૫ દિવસે) પિયત આપવું.
* ઘઉમા ૫૦ગ્રામ/૧૦ લી. પાણીમાં ઝીંક સલ્ફેટના ૨ છંટકાવ નીંઘલ અને દુધિયા દાણા અવસ્થાએ કરવું.
* શેરડીમાં પાક પરિપકવ થયે કાપણી કરવી, પૂર્વ મોસમી વાવેતરમાં ખાલા પડેલ હોય તો એક આંખવાળા કાતરાથી ખાલા બુરવા.
* શેરડીની રોપણી બાદ ૨ હાર વચ્ચે લસણનો અથવા ઘઉનો આંતર પાક લઈ શકાય.
* જીરૂમાં પૂર્તિ ખાતર તરીકે ૧૫ કીગ્રા./હે. નાઈટ્રોજન આપવું.

* પોષણક્ષમ પપૈયામાથી વિવિધ મૂલ્યવર્ધક બનાવટો બનાવી નાના ગૃહઉદ્યોગ અપનાવી શકાય જેવી કે કાચા પપૈયામાથી ટુટીફ્રુટી, પાકા પપૈયામાથી શરબત, મિલ્કશેઈક, હલવો, બરફી, અથાણું મુરબ્બો, જામ તથા સલાડ બનાવી શકાય છે.
* સરગવાની સીંગનો ઉપયોગ કરવાથી વિવિધ પ્રકારના રોગો જેવા કે વધી ગયેલ લીવર અને બરોળમાં, સાંધાના દુઃખાવામાં, ટેટનેસ, નબળા ચેતાતંત્રના રોગમાં, પેરાલીસીસમાં, કોઢમાં ફોડલા/ખીલમાં ખુબ ઉપયોગી છે.
* માછલીની ઝડપી સુકવણી અને સારી ન્યુટ્રીશનલ ગુણવત્તા માટે સૌર સુકવણી ખુલ્લા સુર્યપ્રકાશમાં સુકવવા કરતા વધુ સારી રહે છે.

## પ્રાકૃતિક કૃષિ અપનાવીએ...




## કેવીકેના સોશીયલ મીડીયાના સોપાનો

| ક્રમ | પ્લેટફોર્મ | નામ | સબસ્ક્રાઈબર |
|---|---|---|---|
| ૧ | યુ ટ્યુબ ચેનલ | KVK - Junagadh | 8525 |
| ૨ | વોટ્સએપ ગૃપ | KVK Advisory Group | 5000 |
| ૩ | ફેસબુક | KVK Gir Somnath Erstwhile Junagadh | 2040 |
| ૪ | ફેસબુક પેઈજ | Agri Info | 1530 |
| ૫ | ટ્વીટર | KVK Gir Somnath (Erstwhile Junagadh) | 134 |
| | | | |











Book-Post

પ્રતિશ્રી ____________________

____________________

____________________

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-જુનાગઢ

અંબુજા ફાઉન્ડેશન, અંબુજાનગર, કોડીનાર-૩૬૨૭૧૫ જી. ગીર સોમનાથ (ગુજરાત)

Sai Dip-Kdr-9898040311